<u>નવી બાબત</u> <u>વર્ષ ૨૦૨૬-૨૭</u>

<u>ઘાસચારા વિકાસ કાર્યક્રમ અંતર્ગત</u>

સ્વાવલંબી પશુપાલક યોજના હેઠળ પશુપાલકોને ગજરાજ ઘાસ(હાઇબ્રીડ નેપિયર) ના જડિયા આપવા માટેની સહાયની યોજના

## ગુજરાત સરકાર

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

ઠરાવ ક્રમાંક: ACD/PFD/e-file/2/2025/4692/P1

સચિવાલય, ગાંધીનગર

<u>વંચાણે લીધા:-</u>

૧) પશુપાલન નિયામકશ્રીની કચેરી,ગુ.રા.,ગાંધીનગરના તા.૧૬/૧૨/૨૦૨૫ના ફાઇલ ક્રમાંક: DOAH/NEW/e-file/304/2025/3511/Fodder Branch

૨)પશુપાલન નિયામકશ્રીની કચેરી,ગુ.રા.ગાંધીનગરના તા.૨૦/૦૨/૨૦૨૬ના ના ફાઇલ ક્રમાંક: DOAH/NEW/e-file/304/2025/3511/Fodder Branch

<u>આમુખ:-</u>

વંચાણે લીધેલ-(૧)ના પત્રથી પશુપાલન નિયામકની કચેરી,ગુ.રા.,ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭માં ઘાસચારા વિકાસ કાર્યક્રમ અંતર્ગત સ્વાવલંબી પશુપાલક યોજના હેઠળ પશુપાલકોને ગજરાજ ઘાસ (હાઇબ્રીડ નેપિયર)ના જડિયા આપવા માટેની સહાયની યોજના માટે રૂ ૧.૧૩ કરોડ (અંકે રૂા. એક કરોડ તેર લાખ પૂરા) ખર્ચે નવી બાબત તરીકે રજુ કરવામાં આવેલ હતી. સદર યોજના માટે કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના સને ૨૦૨૬-૨૭ ના અંદાજપત્ર પ્રકાશન નં.-03ના પાના નં. ૧૦૮ તથા ૧૦૯ ઉપર રૂ. ૧.૧૩ કરોડની જોગવાઇ થયેલ છે. વંચાણે લીધા-(૨)ના પશુપાલન નિયામકની કચેરી,ગુ.રા.,ગાંધીનગરના પત્રથી સદર યોજનાની વહીવટી મંજૂરી મેળવવા દરખાસ્ત રજુ કરવામાં આવેલ. જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## <u>ઠરાવ</u>

વિચારણાને અંતે રૂ ૧.૧૩ કરોડ (અંકે રૂા. એક કરોડ તેર લાખ પૂરા) ની અંદાજપત્રીય જોગવાઈ ધરાવતી આ નવી બાબતને અંદાજપત્રીય જોગવાઈની મર્યાદામાં નીચે દર્શાવેલ યોજનાવાર નાણાકીય જોગવાઈ અને શરતો-બોલીઓને આધીન વર્ષ :૨૦૨૬-૨૭માં નવી બાબત તરીકે ચાલુ કરવાની વહીવટી મંજુરી આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

| અ. નં | યોજનાનુ નામ | બજેટ જોગવાઇ ૨૦૨૬-૨૭ રૂ.કરોડમાં |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | ગજરાજ ઘાસ (હાઇબ્રીડ નેપિયર) ના જડિયા (૨૫૦૦ લાભાર્થી) | ૧.૧૩ |

યોજનાનો અમલ નીચે મુજબની શરતો બોલીઓ તેમજ બિડાણમાં સામેલ પરિશિષ્ટ ૧ થી ૩ મુજબ કરવાનો રહેશે.


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

**શરતો અને બોલીઓ:**

1. આ વહીવટી મંજુરી અન્વયે તા.૦૧/૦૪/૨૦૨૬ પછી ખર્ચ કરવાનો રહેશે. નાણા વિભાગ દ્વારા આપવામાં આવેલ વહીવટી મંજૂરીની શરતોમાં નાણા વિભાગની પૂર્વ મંજૂરી સિવાય કોઇ ફેરફાર કરી શકાશે નહીં અન્યથા તેની સંપૂર્ણ જવાબદારી પશુપાલન નિયામકશ્રીની કચેરીની રહેશે.
2. આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી પશુપાલન નિયામકશ્રીની કચેરીએ રાખવાની રહેશે.
3. આ યોજનાનો અમલ રાજ્ય કક્ષાએ પશુપાલન નિયામકની કચેરી દ્વારા કરાવવાનો રહેશે.
4. પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.
5. ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.
6. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં **GeM** મારફતે ખરીદીની જોગવાઇ કરવાની રહેશે.
7. નાણાકિય સહાય માટે નિયત કરેલ સમયાંતરે **DBT** પધ્ધતિથી /**DBT Portal** /**C.M Dash Board** અપનાવવાનું રહેશે.
8. આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.
9. C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.
10. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
11. Social Audit અને Third Party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.
12. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.
13. કેન્દ્ર સહાયિત યોજનામાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે.
14. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે. આઉટ સોર્સથી સેવા વહીવટી મંજૂરી મુજબના સમયગાળા પુરતી જ મેળવવાની રહેશે. તેનાથી વધુ સમય માટે આ સેવા પૂર્વ મંજૂરી સિવાય મંજૂરીની અપેક્ષાએ કે પશ્ચાદવર્તી અસરથી મંજૂરી મેળવવાની અપેક્ષાએ કોઈપણ સંજોગોમાં ચાલુ રાખી શકાશે નહિ.
15. પ્રસ્તુત યોજના અંતર્ગત વર્ષ: ૨૦૨૬-૨૭ની બજેટ જોગવાઈને આધીન રહીને જ, નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.પ્રસ્તુત યોજનામાં જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે તે હેતુ કે યોજના માટે જ ખર્ચ કરવાનો રહેશે અન્ય હેતુ માટે ખર્ચ કરી શકાશે નહિ. વર્ષના અંતે આ યોજના અંતર્ગત બચત રહેતી રકમ નિયત સમયમર્યાદામાં પરત કરવાની રહેશે.
16. પ્રસ્તુત યોજના હેઠળ ખોલાવેલ ખાતામાં રાજ્ય સરકારશ્રી દ્વારા મળનાર ગ્રાન્ટ જમા કરવાથી ઉક્ત ખાતામાં વ્યાજ સહીત અન્ય તમામ પ્રકારની જે પણ આવક થાય તે તમામ આવક રાજ્ય સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવતી ગ્રાન્ટનો જ હિસ્સો ગણવામાં આવશે.
17. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
18. આ યોજના ની અમલવારી અર્થે કોઇ અન્ય વિભાગ સાથેના Linkagesની કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે.
19. મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.
20. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
21. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ તેના સુચારુ ઉપયોગ અને અમલવારી માટે operation and maintenance ની યોગ્ય વ્યવસ્થા અને આયોજન કરવાનું રહેશે.
22. નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું પશુપાલન નિયામકશ્રીની કચેરીએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
23. સદર યોજના રાજ્ય સરકાર ના ફાળા સિવાય બાહ્ય સહાયિત, લોન , કે કેંદ્રીય ફાળા થી કરવાની હોય તો તે સમયસર મેળવી લેવા અંગે જરૂરી કાર્યવાહી સમયસર કરવાની રહેશે.
24. સમગ્ર પ્રોજેક્ટ તેની વહીવટી મંજુરીની મર્યાદામાં સમયસર પૂર્ણ થાય તે રીતે સમયબદ્ધ નાણાંકીય આયોજન કરવાનું રહેશે. તે માટેના જરૂરી નાણાંકીય સ્ત્રોત પાસેથી સમયસર ફંડ ઉપલબ્ધ થાય તેનું આયોજન કરવાનું રહેશે.

25. આઉટ સોર્સથી સેવા મેળવવાની હોય તો તેના માટે નિયમિત જગ્યા અંગેની કોઈ શરતો લાગુ પડશે નહિ.
26. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
27. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
28. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.
29. આ યોજના હેઠળ વર્ષ દરમ્યાન ફાળવેલ ગ્રાન્ટ સામે થયેલ ખર્ચના પ્રમાણપત્ર(યુ.ટી.સી.)મેળવી લેવાના રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરે ઉધારવાનો રહેશે.

માંગણી નંબર : ૪

સેક્ટર : ગ – આર્થિક સેવાઓ

સબ સેક્ટર : (ક) કૃષિ અને સંલગ્ન પ્રવૃતિઓ

મુખ્ય સદર : ૨૪૦૩–પશુપાલન

ગૌણ સદર :૧૦૭

પેટા સદર :(૦૧) ઘાસચારા અને પશુખાણ વિકાસ

નાણા વિભાગ અને વિભાગની બજેટ શાખા દ્વારા ગ્રાન્ટની ફાળવણીના હુકમો કરવામાં આવે, તદનુસાર નિયામકશ્રી, પશુપાલન કચરીએ ખર્ચ કરવાનો રહેશે તથા નાણા વિભાગના વખતો વખતના અદ્યતન ઠરાવ વિગેરે સબંધિત તમામ સુચનાઓને પણ ધ્યાને લઇ ખર્ચ કરવાની કાળજી રાખવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી(પ.પા.)ની તથા નાણા વિભાગની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પ્રિયંકા ચૌધરી)

સેકશન અધિકારી

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

<u>પ્રતિ,</u>

- માન.મંત્રીશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી, કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- પશુપાલન નિયામકશ્રી, પશુપાલન નિયામકની કચેરી,કૃષિભવન,ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(કૃષિ), નાણા વિભાગ, સચિવાલય.
- ઉપમહાલેખાકારશ્રી (ES-૧),એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ(E&RS Audit) ગુજરાત,ત્રીજો માળ,ઓડિટ ભવન, નવરંગપુરા,અમદાવાદ-૩૮૦૦૦૯.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, (એ.એન્ડ ઈ) અમદાવાદ/ રાજકોટ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

- ઘાસચારા શાખા, પશુપાલન નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કૃષિ અને સહકાર વિભાગની બજેટશાખા, બ.૧,પી-૨, અ અને નાણાં શાખા.
- પસંદગી ફાઇલ
- સેક્શન અધિકારીશ્રી(આઈ.ટી. સેલ), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય ગાંધીનગર તરફ – (ઠરાવ વિભાગની વેબસાઈટ પર મુકવાની વિનંતી સહ)

<u>સામાન્ય શરતો અને બોલીઓ</u>

**યોજનાનું નામ : ઘાસચારા વિકાસ કાર્યક્રમ અંતર્ગત સ્વાવલંબી પશુપાલક યોજના હેઠળ પશુપાલકોને ગજરાજ ઘાસ (હાઇબ્રીડ નેપિયર) ના જડિયા આપવા માટેની સહાયની યોજના**

**પ્રોજેક્ટનું નામ : Integrated Fodder Development schemes For Assistance for provided to livestock owner for supplying rooted slips of Hybrid Napier**

૧. આ યોજનાનો અમલ રાજયના તમામ જિલ્લાઓમાં કરવાનો રહેશે.

૨. આ યોજનાના નિયંત્રણ અધિકારી પશુપાલન નિયામકશ્રી રહેશે.

૩. આ યોજનાના જિલ્લા પંચાયત હસ્તકનાં ઘટકો માટે સબંધિત જિલ્લાનાં મદદનીશ/નાયબ પશુપાલન નિયામકશ્રી,જિલ્લા પંચાયત અમલીકરણ અધિકારી રહેશે.

૪. લાભાર્થીએ અરજી પત્રક મંજૂરી અર્થે સંબંધિત તાલુકાનાં તાલુકા પશુ દવાખાના ખાતે રજુ કરશે.

૫. અરજી મળ્યેથી સદરહુ તાલુકા પશુ દવાખાનાનાં તાલુકા પશુ ચિકિત્સા અધિકારી પાસેથી સમાન હેતુ વાળા ચાફકટર ઘટક માટે અન્ય યોજનામાંથી અગાઉ નિયત કરેલ સમયમર્યાદામાં સહાય મેળવેલ નથી તે બાબતનો પ્રમાણપત્ર/દાખલો મેળવી લેવાનું રહેશે.

૬. જે તે ઘટક માટે ચાલુ નાણાકીય વર્ષમાં આ યોજના હેઠળના પરિશિષ્ટ-૧.૧ ના કોલમ-૫ માં દર્શાવેલ સમયમર્યાદાને ધ્યાને લઇ લાભાર્થી યોજનાનો લાભ લઇ શકશે.

૭. પરિશિષ્ટ-૧.૧ ના કોલમ-૫ માં જણાવ્યાનુસાર એક વાર્ષિક સમયગાળા સિવાયના પ્રત્યેક ઘટક માટે સબંધિત તાલુકા પશુ ચિકિત્સા અધિકારી/જૂથ મથકનાં પશુ ચિકિત્સા અધિકારીને ગામ વાઈઝ ઘટકનું નામ,લાભાર્થીનું નામ,સહાયની રકમ,લાભ આપ્યાનું વર્ષ વગેરે વિગતો ધરાવતું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

૮. આ યોજના હેઠળના ઘટકો માટે સહાયના ધોરણો આ સાથેના પરિશિષ્ટ-૨ મુજબ રહેશે.

૯. ચાફકટર સહાયની યોજના માટે લાભાર્થીના બેંક એકાઉન્ટમાં બારોબાર સહાયની રકમ જમા થાય તેવા ઘટકો માટે અરજીનો નમૂનો આ સાથેના પરિશિષ્ટ-૩ મુજબ રહેશે અને તેના અમલ માટેની કાર્યપદ્ધતિ આ સાથેના પરિશિષ્ટ-૨ મુજબ રહેશે.

૧૦. આ યોજના પશુપાલન નિયામકશ્રી, ગુ.રા. ગાંધીનગરના અંકુશ હેઠળ રહેશે. આ યોજના અમલીકરણ બાબતમાં કોઈ મુદ્દો ઉપસ્થિત થાય તો તેમનો નિર્ણય આખરી રહેશે.

૧૧. મંજુર થયેલ પ્રોજેક્ટો સમય મર્યાદામાં પુર્ણ થાય તેમજ સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલ ફંડનો પુરેપુરો હેતુસર ઉપયોગ થાય તથા સરકારશ્રી તરફથી આપવામાં આવતી સુચનાઓનો પુરેપુરો અમલ થાય તે બાબત ધ્યાને લઇ પ્રોજેક્ટ અમલીકરણ કરવાનું રહેશે.

૧૨. આ યોજનાની ગ્રાન્ટ પશુપાલન નિયામકશ્રીએ સદર યોજના માટે મદદનીશ પશુપાલન નિયામક/નાયબ પશુપાલન નિયામક જીલ્લા પંચાયતને ફાળવવાની રહેશે.

૧૩. સબંધિત નોડલ એજન્સી અને સંબધિત જિલ્લા પંચાયતનાં મદદનીશ/નાયબ પશુપાલન નિયામકશ્રીએ તેમજ ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્રો (યુ.ટી.સી.) નિયત નમૂનામાં પશુપાલન નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સમયસર મોકલવાના રહેશે તેમજ સબસીડી સહિત થનારા ખર્ચના વિગતવાર હિસાબો તથા ઓડિટને લગતી કામગીરી કરવાની રહેશે.

૧૪. પરિશિષ્ટ-૨ મુજબની કાર્યપદ્ધતિ માટે સબંધિત નોડલ એજન્સીએ(જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત/ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક, ઘનિષ્ઠ પશુ સુધારણા યોજના/ વિભાગીય સંયુક્ત પશુપાલન નિયામકશ્રી) સહાયની રકમ અથવા સહાયકારી યોજનાઓમાં લાભાર્થીને કરવાનાં થતાં નાણાં સહાયનાં ચુકવણાને Direct Benefit Transfer Schemeમાં તબદિલ કરી લાભાર્થી/સંસ્થાના ખાતામાં જમા કરવાની રહેશે.

૧૫.લાભાર્થીને સહાય ચૂકવવાના કિસ્સામાં સહાયની રકમ RTGS/NEFT/e-payment થી સીધેસીધી લાભાર્થીના બેંક ખાતામાં ચુકવણી કરવાની રહેશે. કોઈપણ સંજોગોમાં લાભાર્થીને સીધી રોકડ સહાય ચુકવાશે નહી.

## યોજના-૧ પરિશિષ્ટ-૧

## સામાન્ય શરતો અને બોલીઓ

| | | |
|---|---|---|
| **યોજનાનું નામ** | **:** | **ઘાસચારા વિકાસ કાર્યક્રમ અંતર્ગત સ્વાવલંબી પશુપાલક યોજના હેઠળ પશુપાલકોને ગજરાજ ઘાસ (હાઈબ્રીડ નેપિયર) ના જડિયા આપવા માટેની સહાયની યોજના** |
| **પ્રોજેક્ટનું નામ** | **:** | **Integrated Fodder Development schemes For Assistance for provided to livestock owner for supplying rooted slips of Hybrid Napier** |
| **ઘટકની વિગત** | **:** | **સામાન્ય જાતિનાં પશુપાલકોને ગજરાજ ઘાસ (હાઈબ્રીડ નેપિયર) ના જડિયા આપવાની યોજના** |

**ગજરાજ ઘાસ (હાઈબ્રીડ નેપિયર) ના જડિયા આપવા માટેની યોજનાની શરતો અને બોલીઓ:-**

(૧) ગજરાજ ઘાસ (હાઈબ્રીડ નેપિયર) ના જડિયા નો લાભ અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ, સામાન્ય જાતિ અને બક્ષીપંચનાં એમ તમામ જાતિના પશુપાલકોને આપવાનો રહેશે.

(૨) યોજનાનો લાભ મેળવવા પશુપાલકોએ આઈ-ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.

(૩) ગજરાજ ઘાસ (હાઈબ્રીડ નેપિયર) ના જડિયા મેળવવા માટે પશુપાલક પાસે પોતાની જમીન હોવી જરૂરી છે, અથવા ત્રણ વર્ષ કે તેથી વધુ સમય માટે ભાડા પટ્ટે લીધેલ જમીન ધરાવતા પશુપાલકને આપી શકાશે.

(૪) પ્લોટ બનાવ્યા બાદ સ્થાનિક પશુધન નિરિક્ષક-પશુચિકિત્સા અધિકારી તેમજ ખાતાનાં તાંત્રિક અધિકારી-કર્મચારીઓને બતાવવો જરૂરી છે.

(૫) કાપણી કપાયા બાદ ઉત્પન્ન થયેલ જડીયાના ચારાની વિગત પશુપાલકે સબંધિત પશુચિકિત્સા અધિકારી સંસ્થા ખાતે નોંધાવવાની રહેશે.

(૬) સદર ૧૦ ગુઠાં જડીયાના પ્લોટ ગામનાં અન્ય ખેડુતોને બતાવી તેના લાભનું નિદર્શન કરવું.

(૭) અરજી પત્રક સાથે ૭-૧૨, ૮-અ/તલાટીનો દાખલો(જમીન ધરાવતો હોવાનો) સામેલ કરવો જરૂરી છે.

(૮) લાભાર્થીએ સદર જડિયા રાજ્યની કૃષિ યુનિ.ઓ, રાજ્ય કે કેન્દ્ર સરકારશ્રી હસ્તકના ફાર્મ પાસેથી ખરીદી કરી જીલ્લા પંચાયત ખાતે બિલ રજુ કરવાનું રહેશે.

(૯) The Right of Persons with Disabilities Act, 2016 ની Section-24 અને Section-37 ની જોગવાઈઓ અનુસાર સદર યોજનામાં દીવ્યાંગો(માન્ય પ્રમાણપત્ર ધરાવતા)ને ૫% ની મર્યાદામાં અને તેમાં પણ દિવ્યાંગ

મહિલાઓને યોગ્ય પ્રાધાન્યતા સાથે અનામતનો લાભ આપવાનો રહેશે. કોઈપણ કારણસર જો દિવ્યાંગ લાભાર્થીઓ પુરતા પ્રમાણમાં ન મળે તો યોજનાની શરતો પરિપૂર્ણ કરતા અન્ય લાભાર્થીઓને લાભ આપવાનો રહેશે.

**પરીશિષ્ટ-૧.૧ સહાયના ધોરણો**

| | | | | |
|---|---|---|---|---|
| યોજનાનું નામ | | : | ઘાસચારા વિકાસ કાર્યક્રમ અંતર્ગત સ્વાવલંબી પશુપાલક યોજના હેઠળ પશુપાલકોને ગજરાજ ઘાસ (હાઈબ્રીડ નેપિયર) ના જડિયા આપવા માટેની સહાયની યોજના | |
| પ્રોજેક્ટનું નામ | | : | **Integrated Fodder Development schemes For Assistance for provided to livestock owner for supplying rooted slips of Hybrid Napier** | |
| ઘટકોની વિગત | | : | સામાન્ય જાતિનાં પશુપાલકોને ગજરાજ ઘાસ (હાઈબ્રીડ નેપિયર) ના જડિયા આપવાની યોજના | |
| અ.નં. | ઘટકનું નામ | સહાયનું ધોરણ | રીમાર્કસ | ઘટકના પુન: લાભ મેળવવાની ઓછામાં ઓછી સમય મર્યાદા |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ગજરાજ ઘાસ (હાઈબ્રીડ નેપિયર) ના જડિયા | લાભાર્થી દીઠ ૯૦% લેખે વધુમાં વધુ રૂ. ૪૫૦૦/- સહાય | ANH-9 ઘાસચારા બિયારણનાં મીનીકીટ સામાન્ય જાતિનાં લાભાર્થીએ આઇ-ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. | વર્ષમાં એકવાર |

**પરિશિષ્ટ-૨ અમલીકરણની પદ્ધતિ**

યોજનાનું નામ : ઘાસચારા વિકાસ કાર્યક્રમ અંતર્ગત સ્વાવલંબી પશુપાલક યોજના હેઠળ પશુપાલકોને ગજરાજ ઘાસ (હાઈબ્રીડ નેપિયર) ના જડિયા આપવા માટેની સહાયની યોજના

પ્રોજેક્ટનું નામ : **Integrated Fodder Development schemes For Assistance for provided to livestock owner for supplying rooted slips of Hybrid Napier**

ઘટકની વિગત : સામાન્ય જાતિનાં પશુપાલકોને ગજરાજ ઘાસ (હાઈબ્રીડ નેપિયર) ના જડિયા આપવાની યોજના

**(૧) અરજીઓ મેળવવાની પદ્ધતિ :**

(ક) આઇ-ખેડૂત પોર્ટલમાં અરજદાર ઓનલાઇન અરજી નમૂના મુજબ કરી પ્રિન્ટ આઉટ મેળવી સહી કરી, બિડાણમાં સામેલ જરૂરી આધાર પુરાવ સહ અરજી પર દર્શાવેલ સરનામે/કચેરી ખાતે દિન-૭ માં રજુ કરવાની રહેશે અથવા ઓનલાઇન આઇ-ખેડૂત પોર્ટલ પર અરજી બિડાણ સહિત અપલોડ કરી શકાશે.(આ પ્રકારે અરજી ઓનલાઈન ખુલ્લી મુકવામાં આવી હોય હોય ત્યારે જ થઈ શકશે).

(ખ) સંબંધિત અધિકારીએ નિયત સમયમર્યાદામાં કચેરી ખાતે રજૂ થયેલ અથવા આઇ ખેડૂત પોર્ટલ પર ઓનલાઇન અપલોડ થયેલ અરજીઓને પોતાના લોગીન એકાઉન્ટમાંથી ઓનલાઇન ઇનવર્ડ કરવાની રહેશે.

**(૨) અરજીઓની ચકાસણી અંગેની કાર્યપદ્ધતિ**

સબંધિત અધિકારીએ આઇ-ખેડૂત પોર્ટલ પર ઓનલાઇન ઇનવર્ડ કરેલ અરજીઓને સમયમર્યાદામાં ચકાસણી કરી યોજનાની શરતો બોલીઓની જોગવાઇઓ અનુસાર દરેક અરજીની પાત્રતા/બિનપાત્રતા નિર્ધારિત કરી અરજી મંજૂર/નામંજૂર કરવાની રહેશે. એલીજીબીલીટી/નોન એલીજીબીલીટીનું ઓનલાઇન આઇ-ખેડૂત પોર્ટલ માં સ્ટેટસ અપડેટ કરવા રજુ કરવાની રહેશે.

**(3) અરજીઓની મંજૂરી અંગેની કાર્યપદ્ધતી**

પાત્રતા ધરાવતી અરજીઓ પૈકી સંબંધિત અમલી કરણ અધિકારીએ તાત્કાલિક મંજૂર/નામંજૂરની કાર્યાવહી કરવાની રહેશે તથા આઇ-ખેડૂત પોર્ટલ તાત્કાલિક મંજૂરીનું સ્ટેટસ અપડેટ કરવા રજુ કરવાની રહેશે.

**(૪) સહાય માટેની કાર્યપદ્ધતિ**

ઓનલાઇન મળેલ અરજીઓ નક્કી કરેલ લક્ષ્યાંક મુજબ જીલ્લા કક્ષાએથી અથવા તાલુકાકક્ષાએથી ડ્રો દ્વારા મંજુર કરવાની રહેશે.

## <u>પરિશિષ્ટ-૩ અરજીનો નમૂનો</u>

(આ અરજીમાં સહી કરી બિડાણ સાથે નીચે જણાવેલ ઓફીસના સરનામે રજુ કરી પહોંચ અવશ્ય મેળી લેવી) આ અરજી જે તે ઓફિસમાં એક અઠવાડીયામાં રજુ કરવાની રહેશે.

અરજદારનું નામ:-

ગામ:-

તા:-

તારીખ:- / /૨૦૨

પ્રતિ,

પશુ ચિકિત્સા અધિકારી,

પશુ દવાખાના

મુ.________ તા._______જી.________

**વિષય**:- ગજરાજ ઘાસ (હાઇબ્રીડ નેપિયર) ના જડિયા આશરે ૧૦ ગુંઠાનો નિદર્શન પ્લોટ બનાવવા માટેની અરજી બાબત.

સવિનય નિવેદન જણાવવાનું કે હું ઉપરના સ્થળનો રહીશ છું. હાલમાં મારી માલિકીની/ભાડા પટ્ટે .......હે. જમીન છે. જેનો જમીનનો સર્વે નંબર........છે કે જે......એકર......ગુંઠાની છે અને આ જમીનમાં યોજના હેઠળ ગજરાજ ઘાસ (હાઇબ્રીડ નેપિયર) ના જડિયાનો આશરે ૧૦ ગુંઠાનો નિદર્શન પ્લોટ બનાવવા ઘાસચારાના પાકના ગજરાજ ઘાસ (હાઇબ્રીડ નેપિયર)ના જડિયા આપવા વિનંતી.

**શરતો:**

(૧) સદર પ્લોટમાં હું લીલોચારો ઉત્પન્ન કરીશ.

(૨) અધિકારી/કર્મચારીના સૂચવ્યા મુજબ આશરે ૧૦ ગુંઠા પ્લોટમાં આપના પુરા પાડેલ ગજરાજ ઘાસ (હાઈબ્રીડ નેપિયર) ના જડિયા યોગ્ય રીતે વાપરી પ્લોટ બનાવીશ.

(૩) ધારાધોરણ અનુંસાર જ ગજરાજ ઘાસ (હાઈબ્રીડ નેપિયર) ના જડિયાનો પ્લોટ બનાવી, પશુપાલન ખાતા તરફથી જે હકીકત/ માહિતી મંગાવવામાં આવે તે તમામ હકીકત/માહિતી પૂરી પાડવા બંધાઉ છુ તથા વખતોવખતની સુચનાઓ પણ મંજુર રાખીશ.

(૪) સુચનાનુસાર ગજરાજ ઘાસ (હાઈબ્રીડ નેપિયર) ના જડિયાના પ્લોટનું નિદર્શન કરી અન્ય પશુપાલકોને માહિતી પૂરી પાડી મદદરૂપ થઇશ.

બિડાણ:(૧) ૭/૧૨ તથા ૮/અ દાખલો/તલાટીનો દાખલો(જમીન ધરાવતા હોવાનો)

(૨) પોતાની જમીન ન હોવાના કિસ્સામાં ભાડા કરારની નકલ.

(૩) જડિયાના ખરીદી અંગેનું બિલ

રૂબરૂ : લાભાર્થીની સહી.............

**<u>અરજી મંજુરી</u>**

ઉપરોક્ત દર્શાવેલ હકીકત ખરી છે. અરજદાર પશુપાલકને આથી આશરે ૧૦ ગુંઠાનો નિદર્શન પ્લોટ બનાવવા ગજરાજ ઘાસ (હાઈબ્રીડ નેપિયર) ના જડિયા મંજુર કરવામાં આવે છે.

પશુ ચિકિત્સા અધિકારી,પશુ દવાખાના

મુ.........તા..........જી.............

*Signature Not Verified*

*Signed by:priyanka chaudhary
Section Officer
Date:2026.04.30
12:31:57 +5:30*



*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*